# અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ

# (કોર્ટ નં.૧૧) ની કોર્ટમાં,

**ફો.કેસ નં.૭૬૮૫/૨૦**

<u>ફરીયાદી :</u> સરકારશ્રી

વિરૂધ્ધ

<u>આરોપી :</u> કૌશીકભાઈ રમેશભાઈ પટેલ.

<u>:- જજમેન્ટ:-:</u>

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:- આરોપીએ બનાવની તારીખે, સમય અને સ્થળે પોતાના કબ્જામાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના ટેલરો રાખી પોલીસ કમીશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી આ અદાલતની હકુમતમાં <u>ઈ.પી.કો. ક. ૧૮૮</u> મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરું છુ.

<u>:: હુકમ ::</u>

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. ક. ૧૮૮ મુજબના ગુનાના ભંગ બદલ રુા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા ) દંડની કરવામાં આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. વધુમાં આરોપીએ મુદ્દામાલ બાબતે નો–કલેઈમ પુરશીશ આપેલી હોય સદર મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાતે ખાલસા કરી નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્પેશિયલ સીટીંગમાં હુકમ આજરોજ તા.૦૮/૦૨/૨૦ ના રોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( એમ.જે.ખોજજાદા ) |
| તા.૦૮/૦૨/ ૨૦૨૦. | | એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>(કોર્ટ નં.૧૧)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૧૦૨૦ |